

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરના અમદાવાદ હાઈવે પર રેલવે ક્રોસીંગ પર ઓવરબ્રીજ બનાવવામાં આવ્યો છે. જે ઓવરબ્રીજ પર આજે સાંજે બાઈક લઈને જઈ રહેલા ૨૫ વર્ષીય અમન પઠાણનું બાઈક સ્લીપ ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રોડ પર પટકાયેલા પાલનપુરના ખારાવાસમાં રહેતા અમન પઠાણને ગંભીર ઈજો થતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું. અકસ્માતને પગલે લોકોના ટોળેટોળાં એકત્ર થઈ ગયા હતા. જેના પગલે થોડાક સમય માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો. દરમિયાન, ઘટનાની જાણ થતાં દોડી આવેલી પોલીસે મૃતક બાઈકચાલકના મૃતદેહને પી.એમ. માટે ખસેડી તેના પરીવારજનોને જાણ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# મોડાસા માર્કેટયાર્ડની હડતાળનો અંત

# અંતે વહેપારીઓ સામે સત્તાધિશો ઝુકયા

## વહેપારીઓ અને સત્તાધિશો વચ્ચે સમાધાન થતાં હડતાળ સમેટાઈ

મોડાસા, તા.૧૪

મોડાસા માર્કેટયાર્ડની હોલની જગ્યા બદલીને મોડાસાથી દુર આવેલ ગાજણ ગામની સીમમાં નવીન માર્કેટયાર્ડ બનાવાની વાતને લઈને છેલ્લા કેટલાય દિવસથી મોડાસા માર્કેટયાર્ડના વહેપારીઓ અને સત્તાધિશો દ્વારા એકબીજા સામે બાયો ચઢાવી હતી અને ત્યારબાદ આ બાબતે જીલ્લા કલેકટરને માર્કેટયાર્ડની જગ્યા ન બદલવા માટે આવેદનપત્ર આપવામાં આવયુ હતુ અને ત્યારબાદ કિસાન સંઘ દ્વારા પણ સત્તાધિશોની તરફેણમાં માર્કેટયાર્ડના વિકાસ માટે કેટલાક કારણો રજુ કરી આ નવીન માર્કેટયાર્ડ બનાવવાની તરફેણમાં આવેદનપત્ર આપ્યુ હતું.

આમ આખાય મામલામાં રાજકીય ચઢાવ ઉતાર આવવા લાગ્યા હતા. ત્યારે માર્કેટયાર્ડના વહેપારીઓ પોતાના હકની લડાઈ લડી લેવાના મુડમાં હોય તેમ તા.૧૦ ના રોજથી નિર્ણય ના આવે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાળ પર બેસી ગયા હતા અને આ હડતાળ સતત ત્રણ દિવસ ચાલી હતી. જેમાં બીજા દિવસે આ હડતાળમાં શાકભાજીના વહેપારીઓ પણ જોડાતા મોડાસા માર્કેટયાર્ડના સત્તાધિશોના તેવર નરમ પડયા હતા અને માર્કેટયાર્ડના વહેપારીઓ જોડે વચલો રસ્તો કાઢી સમાધાનનો માર્ગ અપનાવ્યો હતો અને ગઈકાલે માર્કેટયાર્ડના ચેરમેન, વાઈસ ચેરમેન, ડીરેકટરો અને વેપારીઓ દ્વારા સમાધાનની મંત્રણા યોજાઈ હતી. સત્તાધિશો વહેપારીઓના તેવર જોઈ તેમની માંગણીઓ સામે ઝુકયા હતા અને વેપારીઓની તમામ માંગણીઓ સ્વીકારી હતી.

આ સમાધાન પ્રકીયામાં હાલનુ માર્કેટયાર્ડ કાયમી ધોરણે નવીન માર્કેટયાડ બન્યા પછી ચાલુ જ રહેશે તેમજ હરાજી પણ આજ માર્કેટયાર્ડમાં થશે તેમજ હાલના સત્તાધિશો બદલાયા પછી નવા સત્તાધિશો આવે તેમણે પણ આ કરારનો અમલ કરવાનો રહેશે અને વેપારીઓને નવા માર્કેટયાર્ડમાં દુકાન ખરીદવા કોઈ નોટીસ આપી ફરજ પાડવામાં આવશે નહી અને જે રીતે હાલ માર્કેટયાર્ડની જાળવણી થાય છે તેમજ જાળવણી નવીન માર્કેટયાર્ડ બન્યા પછી થશે તેવો સત્તાધિશો અને વેપારીઓ વચ્ચે કરાર થતાં આ ત્રણ દિવસ ચાલેલી હડતાળનો સુખદ અંત આવતાં વેપારીઓએ હડતાળ સમેટી લીધી હતી અને ખુશીથી ઝુમી ઉઠયા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

રાજયભરમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શિક્ષણ ઊંચું લાવવા અનેક વાતો થાય છે ત્યારે ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડા ગામની પ્રાથમિક શાળાએ ભણવા જતા બાળકોની આ દયનીય સ્થિતિ છે. બાળકો રોજ ગંદકીમાં ચાલી શાળાએ જઈ રહ્યા છે અને ગંદકી દૂર થાય તેવું ઈચ્છી રહ્યા છે.

## ખેડબ્રહ્મા - અંબાજી માર્ગ પર કારની ટક્કરે રાહદારીનું સારવાર દરમિયાન મોત

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા - અંબાજી માર્ગ પર એક કારચાલકે રાહદારીને અડફેટે લેતા શરીરે ગંભીર ઈજાઓને કારણે રાહદારીનું આજે સારવાર દરમિયાન કરૂણ મોત થયું હતું. પોલીસે આ અંગે ફરીયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડબ્રહ્મા શહેરથી અંબાજી તરફ જતા હાઈ-વે પર રાહદારી સુરેશભાઈ ધનજીભાઈ પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી કાર નં. જીજે-૧-એચ.એફ.-૮૬૪૪ના ચાલકે બેદરકારીપૂર્વક કાર હંકારી રાહદારીને અડફેટે લેતા રાહદારી ફંગોળાઈ માર્ગની બાજુમાં ફેકાઈ ગયો હતો. પરિણામે તેને હાથ - પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન આજે રાહદારીનું કરૂણ મોત થતાં દિપક પંચાલે ફરિયાદ આપતા ખેડબ્રહ્મા પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં કોંગ્રેસની સભ્ય નોંધણી ઝુંબેશનો પ્રારંભ

ગુજરાતમાં લોકસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસે હતાશા ખંખરીને સમગ્ર ગુજરાતમાં મોટા પાયે સભ્ય નોંધણી ઝુંબેશ પુરજોશમાં ચલાવી છે. પ્રજા વચ્ચે પહોંચીને 'અબ કી બાર મોદી સરકાર'ની મોટી ગુલબાંગો ધીમે ધીમે પોકળ પુરવાર થતા પ્રજામાં જનચેતનાનું આંદોલન જગાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યો છે. હાલ બનાસકાંઠાના પાલનપુર મતવિસ્તારમાં ધારાસભ્ય મહેશ પટેલના નેતૃત્વ હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યકરો સભ્ય નોંધણી ઝુંબેશ ચલાવી રહ્યા છે. પરિણામે પ્રજામાં કોંગ્રેસ તરફ ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

## પ્રાંતિજ પાસે બે બાઈક ટકરાતાં એકનું મોત

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની દલાની મુવાડી પાસે બે બાઈક સામ સામે અથડાતાં એક બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજયું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં અન્ય બેને ગંભીર ઈજાઓ થઈ હતી તેમને સારવાર અર્થે પહેલા પ્રાંતિજ અને ત્યારબાદ અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજ નજીક આવેલા દલાની મુવાડી રોડ પર બે બાઈક ધડાકાભેર ભટકયા હતા અને આ અકસ્માતમાં તલોદ તાલુકાના દોલતાબાદના વિજયસિંહ આદરસિંહ સોલંકી પોતાના બાઈક નં. જીજે-૯-સીજે ૨૩૫ સાથે નીચે પટકાતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેના કારણે તેમનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજયું હતું. આ અકસ્માતમાં અન્ય બે વ્યકિતને ગંભર ઈજાઓ પહોંચી હતી તેથી તેમને સારવાર અર્થે પ્રાંતિજ લઈ જવાયા હતા. પરંતુ ઈજાઓ વધુ ગંભીર હોવાથી સઘન સારવાર માટે અમદાવાદ ખસેડવા પડયા હતાં. પ્રાંતિજ પોલીસે ફરિયાદી કાનસિંહ સોલંકીની ફરિયાદના આધારે ગુનો નોંધી બાઈક નં. જીજે૯-૬૮૨ વિરુધ્ધ તપાસ હાથ ધરી છે.



## પાલનપુરમાં તબીબની બેદરકારીથી પ્રસૂતાનું મોત : પરિવારજનોમાં આક્રોશ

પાલનપુર શહેરનાં ખાનગી હોસ્પિટલના તબીબની બેદરકારીથી પ્રસૂતા મહિલાનું પ્રસૂતિ દરમિયાન કરૂણ મોત થતા મૃતક મહિલાના પરિવારજનોએ આક્રોશ સાથે હોબાળો મચાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર શહેરના ગઠામણ દરવાજા સર્કલ નજીક પૃથ્વી ગાયનેક હોસ્પિટલ આવેલી છે જયાં પ્રસૂતિ અર્થે રેખાબેન દેવાભાઈ રાવળ નામની ૨૭ વર્ષીય મહિલા આવી હતી મહિલાને સામાન્ય પ્રસૂતિ થઈ હતી બાદ તેણીની તબિયત અચાનક લથડતા ડૉ. પ્રકાશ દેસાઈએ મહેસાણા રીફર કરવા જણાવ્યું હતું. આથી મહિલાના પરિવારજનોએ તેણીને મહેસાણા લઈ જતા માર્ગમાં જ પ્રસૂતા મહિલાનું મોત થયું હતું. આથી પરિવાજનો મૃતક મહિલાને લઈ ડૉ. પ્રકાશ દેસાઈની બેદરકારીથી મહિલાનું મોત થતા પરિવારજનો મૃતક મહિલાને મૃતદેહ લઈ પૃથ્વી હોસ્પિટલ આવી પહોંચ્યા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો. અંતે પોલીસે ઘટના સ્થળે દોડી આવી મામલો થાળે પાડયો હતો.

## અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા મોડાસા ખાતે મફત દ્રષ્ટી કેન્દ્ર ખોલાયું : વિનામૂલ્યે મોતીયાનું ઓપરેશન કરાશે



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૧૪

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં અન્નપુર્ણા ટ્રસ્ટ સંચાલિત દ્રષ્ટી કેન્દ્ર સેન્ટર અને તબીબ સાધન સુવિધા કેન્દ્ર આજે દિપ પ્રાગટ્ય કરી ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ. જેમાં આંખના ઓપરેશન માટેની યોજના તથા મોતીયાનુ ઓપરેશન માટેની સુવિધાનુ ઓપનીંગ કરવામાં આવ્યુ હતું.

મોડાસા શહેરમાં માલપુર રોડ ઉપર આવેલ અન્નપુર્ણા ટ્રસ્ટ કે જેમાં દાદા દાદીનો વિસામો ગરીબો માટે રાહત દરનું રૂપીયામાં ભોજનાલય તથા સીનીયર સીટીજનો માટે માટે બેસવાની સુવિધા તેમજ સાંજે ત્રણ કલાક એકબીજાને મળીને સુખદુખની વાતો કરવાની તથા ભરઉનાળામાં અમૃત સમાન ઠંડી છાશનુ વિતરણ તથા આવતા જતા રાહદારીઓ માટે આરો પ્લાનટના પાણીનુ વિતરણ એવા અનેક સેવાભાવી કામો આ અન્નપુર્ણા ટ્રસ્ટ દ્વારા ચાલતા જ હોય છે. ત્યારે જેમ મોરની કરલગીમાં એક પીંછુ ઉમેરાયુ હોય તેમ આજે દ્રષ્ટી કેન્દ્ર અને તબીબી સાધન સુવિધા કેન્દ્રનુ નવુ સંચાલન શરૂ થયુ હતુ. જેમાં દર બુધવારે ગરીબોને મફ્ત આંખ તપાસ અને વિનામુલ્યે મોતીયાનુ ઓપરેશન કરી આપવાનુ તથા આંખના કોઈપણ પ્રકારનો રોગનુ ઓપરેશન હોય તે પણ નીષ્ણાત ડોકટરો દ્વારા વિનામુલયે કરી આપવામાં આવશે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ પ્રસંગે જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ તથા અરૂણભાઈ સુભાષભાઈ તથા ડો એન.જેશાહ ઉપસ્થીત રહયા હતા.

## ગુંદેલ ગામની પરિણીતાએ સાસરીયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામે પરિણીતાને સાસરીયા દ્વારા માનસિક અને શારીરિક ત્રાસ આપી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પરિણીતાએ ૪ ઈસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામની શ્રદ્ધાબેનના લગ્ન તેમના જ ગામના વતની અકસીરભાઈ સાથે થયા હતા. થોડા સમય બાદ પરિણીતાના સાસરીયામાં પતિ, સાસુ, સસરા દ્વારા મેણાંટોણાં મારી પરિણીતાને માનસિક અને શીરિક ત્રાસ આપી પરેશાન કરતા હતા અને એક માસ અગાઉ પરિણીતાને સાસરીયામાંથી મારઝૂડ કરી કાઢી મૂકી હતી. બાદમાં પરિણીતાએ આખરે આજે ખેડબ્રહ્મા પોલીસ મથકમાં અકસીર પટેલ, વક્તાભાઈ પટેલ, જીતુબેન વક્તાભાઈ પટેલ અને દેવજીભાઈ શામળભાઈ પટેલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ આપતા પોલીસે ચારેય ઈસમો સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં સેવાની સુવાસ ફેલાવતા રોટરી કલબ ઓફ પાલનપુર દ્વારા લક્ષ્મણ ટેકરી ખાતે જરૂરીયાતમંદ પરીવારોને અનાજ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૫૦ પરીવારોને ૧૦ કીલો ઘઉં અને ૪૦૦ પરીવારોને પાંચ કીલો ઘઉં અને દાળ સહિતની અનાજની કીટનું પાલનપુરના સેવાભાવી તબીબ ડૉ. ઉમાકાંત પંડ્યા અને બાબુભાઈ સોમાણીની ઉપસ્થિતિમાં વિતરણ કરાયું હતું.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦